અપીલ અરજી નં. ૫૮૨ તા.૧૬–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા. ૧૪–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)તા. ૨–૧૨–૧૧ના રોજ રૂ.૫૫૦/– રસીદ નં. ૫૦૬૨ના આધારે વરાછાઝોન કાર્યાલયમાં પ્લાન સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવ્યા બાદ જો શંકાસ્પદ બાબત નિર્માણ થાય તો તે બાબતે નીચે દર્શાવતા પ્રશ્નાર્થે ખુલાસો આપવો (અ) તા. ૧૨–૧૨–૧૧ના રોજ આપશ્રીનો વિભાગ વરાછાઝોન કાર્યાલય સ્થિત પ્લાન સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવ્યાની સ્પષ્ટ જાણકારી પ્રમાણે મળેલ પાર્ટ પ્લાન નકલ મૂળ પાર્ટ પ્લાન નકલની પાર્ટ પ્લાન નકલ નહી હોય અને ઝેરોક્ષ પાર્ટ પ્લાન નકલ આધારિત આપેલ પાર્ટ પ્લાન નકલ હોય ભીડભંજન સોસા.હિત સંબંધે નુકશાનકર્તા જણાય તો આપશ્રીના વિભાગમાં કયા પ્રકારની મદદ માંગી શકાય વિ. મુદ્દા નં.(૧) (અ)થી (બ)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૨/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા. ૧૪–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૨–૧૨–૧૧ના રોજ રૂ.૫૫૦/– રસીદ નં. ૫૦૬૨ના આધારે વરાછાઝોન કાર્યાલયમાં પ્લાન સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવ્યા બાદ જો શંકાસ્પદ બાબત નિર્માણ થાય તો તે બાબતે નીચે દર્શાવતા પ્રશ્નાર્થે ખુલાસો આપવો (અ) તા. ૧૨–૧૨–૧૧ના રોજ આપશ્રીનો વિભાગ વરાછાઝોન કાર્યાલય સ્થિત પ્લાન સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવ્યાની સ્પષ્ટ જાણકારી પ્રમાણે મળેલ પાર્ટ પ્લાન નકલ મૂળ પાર્ટ પ્લાન નકલની પાર્ટ પ્લાન નકલ નહી હોય અને ઝેરોક્ષ પાર્ટ પ્લાન નકલ આધારિત આપેલ પાર્ટ પ્લાન નકલ હોય ભીડભંજન સોસા.હિત સંબંધે નુકશાનકર્તા જણાય તો આપશ્રીના વિભાગમાં કયા પ્રકારની મદદ માંગી શકાય વિ. મુદ્દા નં.(૧) (અ)થી (બ)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૭૧૯ તા. ૩૦–૧૨–૧૧થી મળેલ જવાબની સ્પષ્ટતા અયોગ્ય હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો વિશેષતઃ મુદ્દા નં.૧ પ્રોએકટીવ ડીસ્કલોઝર પ્રકારનો હોઈ, વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૬૫૨ તા.૩–૨–૧૨ થી** તત્કાલીન એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને માંગેલ માહિતી પૈકી કઈ બાબતે કયા મુદ્દા અંગે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે માહિતી–માંગણીની રજુઆત છે કે કાર્યવાહીની ? તે પણ સ્પષ્ટ કરવા તેમજ વધુમાં તેમની તા. ૧૨–૧૨–૧૧ના રોજની અરજી અન્વયે મેળવેલ તથા પાર્ટ પ્લાનની અલગ વિરોધાભાસી નકલોની રજુઆત અંગે બન્ને નકલો સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારનીતા.૧૪–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિગતે મુદ્દા નં.૧ (અ) અને (બ) ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ મુદ્દા નં.(૧) તા. ૨–૧૨–૧૧ના રોજ રૂ.૫૫૦/– રસીદ નં. ૫૦૬૨ના આધારે વરાછાઝોન કાર્યાલયમાં પ્લાન સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવ્યા બાદ જો શંકાસ્પદ બાબત નિર્માણ થાય તો તે બાબતે નીચે દર્શાવતા પ્રશ્નાર્થે ખુલાસો આપવો (અ) તા. ૧૨–૧૨–૧૧ના રોજ આપશ્રીનો વિભાગ વરાછાઝોન કાર્યાલય સ્થિત પ્લાન

સ્કીમ–M-3011-93-DPA NO 605 ની પાર્ટ પ્લાન નકલ મેળવતાની સ્પષ્ટ જાણકારી પ્રમાણે મળેલ પાર્ટ પ્લાન નકલ મૂળ પાર્ટ પ્લાન નકલની પાર્ટ પ્લાન નકલ નહી હોય અને ઝેરોક્ષ પાર્ટ પ્લાન નકલ આધારિત આપેલ પાર્ટ પ્લાન નકલ હોય ભીડભંજન સોસા.હિત સંબંધે નુકશાનકર્તા જણાય તો આપશ્રીના વિભાગમાં કયા પ્રકારની મદદ માંગી શકાય. (બ) ઝેરોક્ષ પાર્ટ પ્લાન એમ–૩૦૧૧ –૯૩– ડીપીએ નં.૬૦૫ માં છેડછાડ પ્રમાણે અયોગ્ય સુધારો વધારા સામે ગેરરીતી લાભકર્તા વિરુધ્ધ પોલીસ ફરીયાદ અથવા આદરણીય ન્યાયાલયમાં ફરીયાદ કરવા પહેલા અથવા ફરીયાદ કરવા પછી કયારે સુમપા કમિ.શ્રીને જાણકારી કરવાની હોય છે. અને એ બાબતે ઘટતું કરવાની ફરજ આવે તો સુમપાના કમિ.શ્રી કયા પ્રકારે પગલા લે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૯ તા.૩૦–૧૨–૧૧ આરટીઆઈ એકટની જોગવાઈ અન્વયે વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી /નકલો આપવાની રહે છે અને તે તેઓશ્રીને આપવામાં આવે છે. ખુલાસો કયા પ્રકારની મદદ, શું પગલા લેશો વિગેરે બાબત માહિતી અધિકાર અન્વયે આપવાની રહેતી નથી તે બાબતે વહીવટી અરજી કરી દાદ મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જે અંગે જવાબદારની સ્પષ્ટતા અયોગ્ય હોય તેવું જણાવી તા.૧૬–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૨ તા.૩–૨–૧૨ થી માંગેલ માહિતી પૈકી કઈ બાબતે કયા મુદ્દા અંગે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે માહિતી–માંગણીની રજુઆત છે કે કાર્યવાહીની ? તે પણ સ્પષ્ટ કરવા તેમજ વધુમાં તેમની તા. ૧૨–૧૨–૧૧ના રોજની અરજી અન્વયે મેળવેલ તથા પાર્ટ પ્લાનની અલગ વિરોધાભાસી નકલોની રજુઆત અંગે બન્ને નકલો સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. આમ અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં અરજદારે પૂરક વિગતો કે તેમનો પક્ષ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઉપલબ્ધ માહિતીની નકલો આપેલ છે અને શું પગલા લેવા માટે વહીવટી અરજી કરી દાદ માંગી શકો છો.તેવું જણાવેલ છે. આમ મુદ્દા નં.૧ (બ) અંગે તકરાર રહેવા પામે નહીં.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૧–૧૨ ધ્યાને લેતાં ૧૪–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૨૯–૦૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ (અ) ની સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની નિર્દિષ્ટ સ્થિતિમાં વિભાગમાંથી કયા પ્રકારની મદદ માંગી શકાય તે અંગેની નહીં નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧ (બ) અંગે અરજદાર નાગરીકના બંધારણીય કાનુની હક અન્વયે કાર્યવાહી કરવા સક્ષમ છે. તેથી તે અંગે કોઈ તકરાર નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ,